જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૮/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૬/૧૫**

## " હાઇવે ઉપર ટ્રકની લુંટ કરી તેમાં ભરેલ માલ સામાન વેચવાની ફીરાકમાં ફરતી રાજસ્થાનની ગેંગના ત્રણ સભ્યોને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ"

નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા સારું આપેલ માર્ગદર્શન અને સુચના અન્વયે પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરીના માર્ગદર્શન આધારે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.સ.ઇ.શ્રી સી.બી.ચૌધરી તથા ડી.એસ.ગોહિલ અને ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.વિરેન્દ્રસીંહ તથા પો.કો.રાકેશસીંહ નાઓને મળેલ બાતમી આજરોજ તા.૧૯.૮.૧૫ ના રોજ નરોડા જીઆઇડીસી બીએસએનએલ ઓફીસ સામે જાહેર રોડ ઉપરથી એક ટ્રક નંબર એચઆર ૫૫ કે ૮૨૬૧ ની જે ટ્રકમાં પ્લાસ્ટીકના દાણા ભરી અમદાવાદથી દીલ્હી જઇ રહેલ હતી.જે ટ્રકને રાજસ્થાનના વીંછુવાડા પાસે રોડ ઉપર રોકી ટ્રકની માલસામાન સાથે લુંટ કરી લુંટ કરી મેળવેલ ટ્રક તથા તેમાં ભરેલ પ્લાસ્ટીકના દાણા વેચવા માટે નરોડા જીઆઇડીસીમાં આવનાર હોવાની ચોકકસ બાતમી હકિકત આધારે વોચ ગોઠવેલ.તે દરમ્યાન બાતમીમાં જણાવ્યા મુજબની ટ્રક નીકળતા જેને રોકી લઇ સદર ટ્રકમાં બેસેલ (૧) અવીનાશ રાજુભાઇ મિણા ઉવ.૨૨ રહે.ગામ બડલા, તા.ખેરવાડા, જી.ઉદયપુર, (૨) દિનેશ કાંતીભાઇ મીણા ઉવ.૩૩ રહે.ગામ વડાપાલ, બસ સ્ટેન્ડ પાસે, તા.જી.ડુંગરપુર, રાજસ્થાન તથા (૩) ચંદુલાલ રત્નાભાઇ લોધા ઉવ.૨૮ રહે.ગામ બોખલા તા.જી.ડુંગરપુર નાઓને પકડી લીધેલ.જેઓની પુછપરછ કરતા આ ટ્રક પોતે તથા પોતાના અન્ય સાગરીતો મારફતે ટવેરા કારમાં ૧૧ જેટલા ઇસમોએ જઇને ટ્રકને રોકી ડ્રાઇવરનુ ટ્રક સાથે અપહરણ કરી રસ્તામાં ડ્રાઇવરને માર મારી વીસ ફુટ ઉંડી ખીણમાં ઝાડ સાથે બાંધી દઇ આ ટ્રક લઇ નાસી ગયેલ.અને આ ટ્રકમાં ભરેલ માલસામાન પ્લાસ્ટીકના દાણાનો જથ્થો કિં.રુ.૧૭ લાખ જેટલાનો તથા ટ્રક કિં.રુ.૧૦ લાખ ને વેચવાની ફીરાકમાં ફરી રહેલ હતા તે દરમ્યાન પકડાઇ જવા પામેલ છે.

આ બાબતે રાજસ્થાનના વીંછીવાડા પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૦૪/૧૫ ઇપીકો કલમ ૩૬૫, ૩૯૪, ૩૪ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીઓ તથા મુદ્દામાલ તેમને સોંપવા કાર્યવાહી ચાલુ છે.

આરોપીઓની પુછપરછ દરમ્યાન આ પ્રકારના વધુ ગુનાઓ ડીટેકટ થવાની શકયતાઓ રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)